અનુ. જાતિની કન્યાના લગ્ન પ્રસંગે
કુંવરબાઈનું મામેરું યોજના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર: SCW-૧૦૨૦૧૩-૮૨૫૬૧૪-ગ
સચિવાલય,ગાંધીનગર
તા:-૦૭-૦૮-૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) ભૂ.પૂ મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૨/૦૫/૧૯૯૫નો ઠરાવ ક્રમાંક,: SCW-૧૦૯૧-૯૭૫-ગ

(૨) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૨/૧૨/૨૦૧૩ના પત્ર ક્રમાંક-અજાક /મ /૫/ ૨૦૧૩/૮૧૪૩-૮૧૪૪

**ઠરાવ:-**

આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૧) ના ઠરાવથી અનુ.જાતિના કન્યાના લગ્ન પ્રસંગે રૂા.૧૦,૦૦૦/- ની રકમ એકથી એક જ દિકરીને સહાય તરીકે ચુકવવામાં આવે છે. હાલમાં સરકારશ્રી દ્વારા મહિલા સશક્તિકરણ, બેટી બચાવો, કન્યા કેળવણી વગેરે યોજનાના કાર્યક્રમો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. આ યોજના હેઠળ કુટુંબ દીઠ બે દિકરીઓ (કન્યાઓ) ને લાભ આપવાનું જરૂરી જણાય છે. આજની પ્રવર્તમાન મોંઘવારીના સમયમાં એક થી વધુ કન્યા ધરાવતા માતા/પિતાને લગ્ન જેવા સામાજિક પ્રસંગ નાણાકીય સહાય મળી રહે તે માટે કુટુંબની બે દિકરીઓ (કન્યાઓ) સુધી લાભ આપવા માટે નિયામકશ્રી, અજાક દ્વારા આમુખ ક્રમાંક (૨) પત્રથી કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ બે દિકરીઓને (કન્યાઓ) નાણાકીય સહાય માટે રૂા.૧૫૦.૦૦ લાખની વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્ર માં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

પ્રસ્તુત વર્ષ ૨૦૧૪-૧૫ માં સમાવેશ કરેલ રૂા.૧૫૦.૦૦ લાખની નવીબાબતને નીચેની શરતે ને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) રોકડ સહાયને બદલે બચત પ્રમાણપત્ર લાભાર્થીઓને આપવાની બાબતે વિચારણા નિયામકશ્રી એ સરકારશ્રીનીમંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની સમય મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પર્યાપ્ત નિયમોને આધીન ચાલુ તથા જરૂરીઆત પ્રમાણે આગામી નાણાકીય વર્ષ પર્યાંયી બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજના હેઠળ જો ભારત સરકાર તરફથી કોઈ ફાળાની રકમ મળવા પાત્ર થતી હોય તો તે મુજબની કાર્યવાહી હાથધરવાની રહેશે.

(૧૦) આ યોજના ના ઠરાવમાં કરવામાં આવેલ અગાઉની જે જોગવાઈઓ હતી તે તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૨ મુખ્ય સદર-૨૨૨૫, અનુ.જાતિઓ, અનુ આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્યસદર:૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૮૦૦-અન્ય ખર્ચ (૦૬), બીસીકે-૫૫ અનુસૂચિત જાતિ પેટા યોજના અનુ. જાતિની કન્યાઓને કુંવરબાઈનું મામેરાની નાણાકીય સહાય સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૬/૨૦૧૪ની નોંધ થી મળેલ અનુમતી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ ઙડિયલ)
સેક્શન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મા.મુખ્યમંત્રીશ્રી ના અગ્રસચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
મા.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
રેસીડેન્ટઓડીટ ઓફિસર, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય,ગાંધીનગર
નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી અ.જા.ક મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) (નિયામકશ્રી અ.જા.ક મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી અ.જા.ક મારફત)
સિલેકટ ફાઈલ.